R.P.A. D.

ક્રમાંક : મકઞ/ESC2/GPSC-સંસ્કૃત/૨૦૧૯/ 5693-5806

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં- ૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.

તા. ૨૫/૦૪/૨૦૧૯

વંચાણે લીધા ::-

૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા. ૩૦/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક: આરસીટી- ૧૦૨૦૧૬-૪૪૩૭-૬-આર-૭
૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો તા.૦૬/૦૬/૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંક:જીઈઓ/૧૫૧૬/૧૩૨/ખ
૩) ઉમેદવારોએ અત્રે રજુ કરેલ સોગંધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ, તા. ૧૬/૦૭/૨૦૧૮
૪) નામ. વડી અદાલતના LPA/820/2019 અને અન્વયમાં તા. ૧૧/૦૪/૨૦૧૯ના રોજ આપવામાં આવેલ ઓરલ ઓર્ડર

::: કચેરી આદેશ :::

વંચાણે લીધેલ આમુખ (૨) અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખાતે સંસ્કૃત વિષયના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકોને રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦-૬૦૦૦-એજીપીના પગાર ધોરણમાં સીધી ભરતી દ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણુંક આપવા માટે આ કચેરીના હવાલે મુકવામાં આવેલ છે. આમુખ(૨)ની તમામ શરતો તથા નીચે દશાવેલ શરતોને તેમજ આમુખ(૩)ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારોને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ તથા સરનામું | નિમણૂંકનું સ્થળ/ કોલેજ |
|---|---|---|
| 01 | Hardik Maheshabhai Rajyaguru<br>385, Kabalapa, Danev Street, Chalala, Amreli - 35630 | બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ, જુનાગઢ |
| 02 | Jayesh Mohanlal Vyas<br>Room No. 88, Jubilee Hall Hostal, Delhi University, North Campus, Delhi- 110007 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ |
| 03 | Prashant Mahesh Chand Sharma<br>E-52, Satyawati Colony, Ashok Vihas Phase-3, Delhi-110052 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, થરાદ |
| 04 | Komal Shaileshbhai Bhatt<br>Shail Maheshwari, Soc.1, Devpara, Kothariya Main Road, Rajkot- 360002 | ડી. કે. વી. આર્ટ્સ & સાયન્સ કોલેજ, જામનગર |
| 05 | Atrikumar Navalshankar Rajgor<br>At & Po. Gagodar, Kachchh (Bhuj) - 370145 | આર. આર. લાલન કોલેજ, ભુજ |
| 06 | Hardikkumar Girajashankar Joshi<br>SGVP, Darshanam Sanskrit Mahavidyalaya, Near SGVP Circle, Oppo. Nirma Uni., Chharodi, Ahmedabad- 382481 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, બાબરા |
| 07 | Shaileshkumar Mohansinh Raulji<br>At Sangol, Po. Sonipur, Ta. Galteshvar. Dist. Kheda- 388245 | સરકારી વિનયન કોલેજ, બેચરાજી |

સરકારી વિનયન કોલેજ
કઠલાલ, જી. ખેડા.
આવક 1441
તારીખ 1/5/2019

| | | |
|---|---|---|
| 08 | Mayaben Ramanbhai Parmar<br>Police Line, Room No 43, Nr. Police Station,<br>Dholka, Dist. Ahmedabad 382225 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સમી |
| 09 | Hemal Ashokbhai Kansagara<br>D 202, Shantivan Parisar, Nr. Ambika<br>Township, Nana Mava Road, Rajkot-360004 | સરકારી વિનયન કોલેજ, જામ કલ્યાણપુર |
| 10 | Jyotsna Ratan Singh<br>D-179, Anand Vihar, Railway Colony,<br>Jagatpura, Jaipur, Rajasthan- 302017 | સરકારી વિનયન કોલેજ, સાંતલપુર |
| 11 | Soniya Bhikhabhai Patel<br>13, New Paradise Society, ITI Road,<br>Kubernagar, Naroda, Ahmedabad- 382340 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પોશિના |
| 12 | Hiteshkumar Jayantilal Thakkar<br>4/A, Gopalnagar Vibhag-2,<br>Nr. Jayvijay Society, Dhobighat Road,<br>Mehsana- 384001 | સરકારી વિનયન કોલેજ, સુઇગામ |
| 13 | Anand Bholanath Kumar<br>Aryasamaj Mandir Block-2,<br>Safadarjung Enclave, New Delhi-110029 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, થરાદ |
| 14 | Jayantibhai Rajubhai Chavda<br>C 39, Harimandir Society,<br>B/H Visat Mata Temple, Chandkheda,<br>Ahmedabad- 382424 | સરકારી વિનયન કોલેજ, ઉમરગોટ |
| 15 | Ashvinbhai Surmalbhai Meda<br>310 Navatra Faliyu, At & Po. Kharedi,<br>Ta. Dahod, - 389151 | સરકારી વિનયન કોલેજ, ગરબાડા |
| 16 | Mukeshbhai Prahladbhai Thakarda<br>Meldinagar, Hanshalpur Road,<br>Ta. Viramgam, Dist. Ahmedabad- 382150 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા |
| 17 | Bharatibahen Prabhubhai Parmar<br>Out of Shiyani Pole, Satwara Para,<br>Ugamani Street No 4, Wadhwan City,<br>Surendranagar- 363030 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, મૂળી |
| 18 | Mukeshkumar Nanjibhai Chaudhari<br>At. Mubarakpura, Po. Gujarvada,<br>Ta. Sami, Dist. Patan- 384245 | સરકારી વિનયન કોલેજ, વાવ |
| 19 | Mohan Rana Balas<br>At Garej Taluka, Porbandar- 360576 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વંથલી |
| 20 | Sureshbhai Labhubhai Baraiya<br>At. Taraghara, Ta. Botad, Dist. Botad- 364710 | સરકારી વિનયન કોલેજ, વલ્લભિપુર |
| 21 | Ajay Laljibhai Joshi<br>At. Dhari, Shree Hari NIketan, Yoginagar, Navi<br>Vasahat, Amreli- 365640 | સરકારી વિનયન કોલેજ, ભેસાણ |
| 22 | Sanjaykumar Ratansing Vasava<br>At Chuli, Po. Zaranavadi, Ta. Dediyapada, Dist.<br>Narmada- 393040 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નેત્રંગ |
| 23 | Kajalben Ukabhai Nakum<br>D 202, Shantivan Parisar, Nr. Ambika Township,<br>Nana Mava Road, Rajkot-360004 | બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ, જુનાગઢ |
| 24 | Yogeshkumar Naranbhai Tandel<br>At & Po. Kakawadi,, Methiya Faliya, Via- Untdi,<br>Ta & Dist. Valsad - 39385 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પેરગામ |



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| 25 | Kuldeep Kamleshbhai Rajgor<br>B/8, Shanti Niketan Avenue, Nr. Akshar Residency, B/H Aalap Green City, Raiya Road, Rajkot- 360005 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, તાલાલા |
| 26 | Jagmal Vejanand Karangia<br>Om Nagar-3, Oppo. Gokul Garden, Lathi Road, Amreli – 365601 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લાલપુર |
| 27 | Ghanshyam Jerambhai Bhojaviya<br>Chamunda Krupa, B/H Nilkanth Mahadev Mandir, Joravarnagar, Surendranagar – 363020 | સરકારી વિનયન કોલેજ, ધાનપુર |
| 28 | Girishkumar Kanjibhai Solanki<br>Plot No. 7/1, Sector-3/A, Oppo. Ambaji Temple, Gandhinagar – 382006 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લખપત |
| 29 | Hansaben Balabhai Gujariya<br>Oum Dhruvnagar, Street-2, Nr. Laxmi Provision Store, Off Raiya Road, Rajkot- 360007 | સરકારી વિનયન કોલેજ, તળાજા |
| 30 | Meghana Kishan Dharane<br>Sri Sai Sanjan, Bhilad Road, Ghimsa, Via Sanjan, Ta. Umargam, Dist. Valsad – 396150 | સરકારી વિનયન કોલેજ, કપરાડા |
| 31 | Mukeshbhai Chenglabhai Rathva<br>At. Malaja, Po. Ekalbara, Ta. Chhotaudepur, - 391165 | સરકારી વિનયન કોલેજ, કવાંટ |
| 32 | Chetnakumari Bhupendrabhai Patel<br>At & Po. Vanskui, Nevaniya Faliya, Ta. Mahuva, Dist. Surat – 394240 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ |
| 33 | Maneshbhai Dadubhai Bare<br>At & Po. Gandhi Colony, Ta. Ahwa, Dist. Dangs – 394710 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોનગઢ |
| 34 | Bhaginaben Ashokbhai Patel<br>At Kahmbhaliya, Po. Unai, Mandir Road, Ta. Vansda, Dist. Navsari – 396590 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા |
| 35 | Archana Ratilal Gamit<br>B/408, Vishvamitridham Flats, Nr. Vishvamitri Railway Station, Manjalpur, Vadodara – 390011 | સરકારી વિનયન કોલેજ, સાગબારા |
| 36 | Balvantkumar Manajibhai Chaudhari<br>At & Po. Kevadiya, Ta. Mandvi, Dist. Surat - 394170 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ |

શરતો ::-

1. જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન ઉપરોક્ત ઉમેદવારોને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ પગાર રૂ.૧૫૬૦૦/- અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની મુદત પુરી ન થાય ત્યા સુધી તે જ પગાર મેળવશે અને કોઈ ઈજાફા મેળવવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઈજાફા મળવાપાત્ર થશે.
2. અજમાયશી મદદનીશ પ્રાધ્યાપકોને વધુ કાર્યક્ષમ બનાવવા તેઓને તાલીમ માટે પસંદ કરેલ હોય કે પ્રતિનિયુક્તિથી તાલીમમાં મોકલવામાં આવ્યા હોય ત્યારે તેઓની સંમતિ મેળવવી અને તેમનો તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે તેની જાણ કર્યા બાદ અને તેમની સંમતી મેળવીને તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.

Principal
Govt. Arts College Kaprada



Scanned with OKEN Scanner

૩. અજમાયશી સમય સમાપ્ત કરવાના હુકમો કરવામાં આવે ત્યારે અજમાયશી અધિકારીએ અજમાયશી સમય દરમ્યાન ભોગવેલ રજાઓ, તાલીમમાં કે પારા (૨) મુજબ પ્રતિનિયુક્તિ પરની તાલીમના સમયગાળાનો સમય અને ફરજ પર જોડાવાના સમય જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.

૪. આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

5. સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને તેઓ રાજ્યમાં કોઇપણ સ્થળે બદલીપાત્ર રહેશે.

6. અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.

7. આ નિમણૂંક નામ. હાઇકોર્ટમાં થયેલ પીટીશન LPA No. 471/2018 in SCA No. 2852/2018ના આખરી ચુકાદાને આધીન રહેશે.

8. સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય-મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉર્તિણ કરવામાં નહી આવે તો, ત્યારપછીના ઇજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

9. નિયત સમય મર્યાદમાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સિનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.

10. પગાર, રજા, પેન્શન, વર્તણૂંક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષયક અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રહેશે.

11. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વિગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે કે કેમ ? તેની ખરાઇ આચાર્યશ્રીએ કરવાની રહેશે.

12. જે તે જગ્યા માટે નક્કી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૧-૭૦ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ, ની જોગવાઇ અનુસાર તબીબી, ચારિત્ર્ય તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક આપવા માટે જે તે ઉમેદવાર પાસેથી મેળવેલ આવા એકરારનામાના આધારે આ નિમણૂંક આપવામાં આવે છે જો તેઓ તબીબી, ચારિત્ર્ય તથા પોલીસ તપાસમાં કોઇ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી, ચારિત્ર્ય અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક વાળી કોલેજના આચાર્યશ્રીએ નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પૂરી કરવાની રહેશે.

13. ઉપરની શરતો પરિપૂર્ણ થવા અંગેની ચકસણી સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરી અત્રે જાણ કરવાની રહેશે. આ શરતો વાંચી, સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે, તે મતલબનું એકરારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી.

14. સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ નિયત નમુનામાં સીક્યોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણુંક મેળવનાર ઉમેદવારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ) અને આચાર્યશ્રીએ આ કચેરીને એક નકલ મોકલી આપવાની રહેશે.

15. નિમણુંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક:જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/ ૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો આચાર્યશ્રીએ મેળવી આ કચેરીને મોકલી આપવાના રહેશે. વધુમાં સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઇ

Scanned with OKEN Scanner

લાયકી પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવે તે નિમણુંક પામતા ઉમેદવારે સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય-મર્યાદામાં પાસ કરવાની રહેશે અને તે અંગેની ખાતરી સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરી અત્રે જાણ કરવાની રહેશે.

16. આ ઉમેદવારોની નિમણુંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો, ખ્યાલ આપતો (E.R.)/વાર્ષિક મુલ્યાંકન અહેવાલ સા. વ. વિ. ના ૦૮/૦૬/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ/૧૦૮૬/૫૦૬૮/ગ.૨થી નિયત થયેલ નમુનામાં સમયસર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ મેળવી બે નકલમાં અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

17. આ કચેરીના જણાવ્યા મુજબ જ્યાં સુધી નિયત નમૂનામાં રીસર્ચ પ્રેપોઝલ અને દર વર્ષની પ્રકાશિત પેપરની માહિતી આપના દ્વારા પુરી પાડવામાં નહી આવે ત્યાં સુધી ૨૨ કલાકનો કાર્યભાર પ્રમાણે કામ કરવાનું રહેશે.

18. નિમણુંક પામેલ ઉમેદવારે દિન-૭ માં નિમણુંક સ્થળે હાજર થવાનું રહેશે.

કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

- સબંધિત ઉમેદવારો...
- સબંધિત કોલેજના આચાર્યશ્રીઓ
- સબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, સદર કચેરી.
- શ્રેયાન અધિક્ષકશ્રી, ખાનગી અહેવાલના ટેબલે.
- રજીસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સિટી.
- હુકમ ફાઈલે.

નકલ સવિનય રવાના જાણ સારૂ :-

- સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ખ-શાખા, સચિવાલય, ગાંધીનગર

Scanned with OKEN Scanner